ક્રમાંકઃચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/૦૫૨૦૨૫/ક

રાજય ચૂંટણી આયોગ

બ્લોક નંબર-૯, ૬ ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર

તા.૨૮/૦૫/૨૦૨૫

## અખબારી યાદી

### ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ની જાહેરાત.

૧. આ સાથે સામેલ પત્રક મુજબની રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે નીચે મુજબનો ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે જાહેર કરેલ છે.

| અ.નં | વિગત | તારીખ |
|---|---|---|
| ૧. | ચૂંટણીની જાહેરાતની તારીખ | ૨૮/૦૫/૨૦૨૫ |
| ૨. | જાહેરનામા પ્રસિધ્ધ કરવાની તારીખ | ૦૨/૦૬/૨૦૨૫ |
| ૩. | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ | ૦૯/૦૬/૨૦૨૫ |
| ૪. | ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ | ૧૦/૦૬/૨૦૨૫ |
| ૫. | ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ | ૧૧/૦૬/૨૦૨૫ |
| ૬. | મતદાનની તારીખ તથા સમય | ૨૨/૦૬/૨૦૨૫<br>(રવિવાર)<br>સવારના૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી |
| ૭. | પુનઃમતદાનની તારીખ (જરૂરી જણાય તો) | ૨૪/૦૬/૨૦૨૫ |
| ૮. | મતગણતરીની તારીખ | ૨૫/૦૬/૨૦૨૫ |
| ૯. | ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તારીખ | ૨૭/૦૬/૨૦૨૫ |

(૧) ઉક્ત વિગતેની ગ્રામપંચાયતોનીસામાન્ય/વિભાજન/મધ્યસત્રતથા પેટાચૂંટણીઓ હેઠળના વિસ્તારમાંતા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ ચૂંટણીઓની જાહેરાત થતાં ચૂંટણીની આદર્શ આચારસંહિતા અમલમાં આવે છે.

(૨) રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃરાચપ-ચટણ-સ્થા.સ્વ.-૩૬(૩)-૬૨૦૧૧-ક, તા.૧૩-૬-૨૦૧૧ થી ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવાના અધિકારો જે તે પ્રાંત અધિકારીશ્રીઓને સુપ્રત કરવામાં આવેલ હોય, ગ્રામ પંચાયતની ચૂંટણીના જાહેરનામાં તેઓ દ્વારા બહાર પાડવામાં આવશે.

(૩) ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચના હોદ્દા માટે કે ગ્રામ પંચાયતના સભ્ય તરીકે ઉમેદવારી કરતાં ઉમેદવારોએ ગુનાહિત ભૂતકાળ તેમજ મિલકત-દેવા-શૈક્ષણિક લાયકાત માટે ઉમેદવારીપત્રના સંબંધિત ભાગમાં ઉમેદવારીપત્ર ચૂંટણી અધિકારીને આપતી વખતે ઉમેદવારે નિયત નમૂનામાં, સાદા કાગળ પર એકરારનામું ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાનું રહેશે.

(૪) આ ચૂંટણીઓમાં ઉમેદવારે ઉમેદવારી પત્ર સાથે પોતાનો ગુનાહિત ઈતિહાસ, શૈક્ષણિક લાયકાત, મિલ્કત અને દેવા બાબતનું એકરારનામું ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાનું રહેશે. અરજદારો ઉમેદવારી ફોર્મ સંબંધિત ચૂંટણી અધિકારીની કચેરીએથી મેળવી શકશે અથવા આયોગની વેબસાઈટ પરથી download પણ કરી શકાશે. (આયોગની વેબ સાઈટhttps://sec.gujarat.gov.in/)

(૫) આ ચૂંટણીમાં મતદાન સમયે, મતદારે ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ ઓળખપત્ર (EPIC)રજૂ કરવાનું રહેશે પરંતુ વાજબી કારણસર રજૂ કરી શકે તેમ ન હોય તો, સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે મતદારે, રાજય ચૂંટણી આયોગના તા.૨૬-૧૧-૨૦૧૬ ના આદેશ

ક્રમાંક:રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૫-૧૧૨૦૧૯-ક થી નિયત કરેલ ફોટાવાળા દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજ રજૂ કરી શકશે.

(૬) રાજય ચૂંટણી આયોગે, આ ચૂંટણીઓ માટેના મતદાનનો સમય સવારે ૭-૦૦ વાગ્યાથી સાંજના ૬-૦૦ વાગ્યા સુધીનો નક્કી કરેલ છે.

(૭) કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતદારો નિર્ભય રીતે મતદાન કરી શકે તે અંગે પૂરતો પોલીસ બંદોબસ્ત પણ સુનિશ્ચિત કરવામાં આવશે.

(૮) ગ્રામ પંચાયતોનીઆ સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ બેલેટ પેપર/મતપેટીદ્વારા કરવામાં આવશે.

૨. નોટા(NOTA)નો અમલ કરવામાં આવશે.

૩. રાજય ચૂંટણી આયોગ મતદારોને પાયાની લોકશાહીને વધુ મજબૂત કરવા પોતાનાં મતાધિકારનો ઉપયોગ કરી, મતદાન કરવા અનુરોધ કરે છે. આયોગ મતદારો, ઉમેદવારો, સર્વે રાજકીય પક્ષો અને જાહેર જનતા તરફથી પાયાની લોકશાહીની આ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે આ રાષ્ટ્રીય/સંવૈધાનિક કામમાં સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખે છે.

બિડાણ-ઉપર મુજબ

(જી.સી.બ્રહ્મભટ્ટ)
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

પ્રતિ,
માહિતી નિયામકશ્રી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

૨/- રાજયના તથા જિલ્લાના સ્થાનિક અખબારો સહિત બહોળી પ્રસિદ્ધિ ધરાવતાં જુદા-જુદા સર્વે વર્તમાનપત્રોમાં આ અખબારી યાદી વિના મૂલ્યે પ્રસિદ્ધથાય તે જોવા તેમજ ઈલેકટ્રોનિક મીડિયાને સૂચિત કરવા વિનંતી સહ.

નકલ સવિનય રવાના:-

- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, બ્લોક નં-૭, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશકઅને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :

- જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, તમામ (સર્વે ચૂંટણી અધિકારીશ્રીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ અને અન્ય સર્વે સબંધિત અધિકારીશ્રીઓ/કચેરીઓ/રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ)આપના જિલ્લા પૂરતી જુદી અખબારી યાદી આપવા તથા આ અખબારી યાદીની વિવિધ પ્રસાર માધ્યમો દ્વારા બહોળી પ્રસિદ્ધિ થાય તે જોવા વિનંતી સહ.
- રાજય ચૂંટણી આયોગ ખાતે નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો.
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.

નકલ રવાના :-

- માન.રાજય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.

| તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ હેઠળની ગ્રામ પંચાયતોની અંદાજિત સંખ્યાની વિગતનું પત્રક | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | સામાન્ય/વિભાજન/મધ્યસત્ર | પેટા | કુલ |
| 1 | અમદાવાદ | 64 | 177 | 241 |
| 2 | અમરેલી | 114 | 193 | 307 |
| 3 | અરવલ્લી | 151 | 65 | 216 |
| 4 | આણંદ | 159 | 100 | 259 |
| 5 | કચ્છ | 166 | 241 | 407 |
| 6 | ખેડા | 91 | 182 | 273 |
| 7 | ગાંધીનગર | 110 | 86 | 196 |
| 8 | ગીર સોમનાથ | 54 | 99 | 153 |
| 9 | છોટાઉદેપુર | 124 | 60 | 184 |
| 10 | જામનગર | 266 | 61 | 327 |
| 11 | જૂનાગઢ | 84 | 131 | 215 |
| 12 | ડાંગ | 60 | 1 | 61 |
| 13 | તાપી | 40 | 56 | 96 |
| 14 | દાહોદ | 283 | 84 | 367 |
| 15 | દેવભૂમિ દ્વારકા | 85 | 61 | 146 |
| 16 | નર્મદા | 54 | 58 | 112 |
| 17 | નવસારી | 56 | 82 | 138 |
| 18 | પંચમહાલ | 155 | 111 | 266 |
| 19 | પાટણ | 310 | 70 | 380 |
| 20 | પોરબંદર | 19 | 37 | 56 |
| 21 | બનાસકાંઠા | 386 | 231 | 617 |
| 22 | બોટાદ | 44 | 62 | 106 |
| 23 | ભરૂચ | 67 | 148 | 215 |
| 24 | ભાવનગર | 362 | 104 | 466 |
| 25 | મહીસાગર | 99 | 101 | 200 |
| 26 | મહેસાણા | 455 | 75 | 530 |
| 27 | મોરબી | 63 | 129 | 192 |
| 28 | રાજકોટ | 64 | 243 | 307 |
| 29 | વડોદરા | 247 | 84 | 331 |
| 30 | વલસાડ | 64 | 69 | 133 |
| 31 | સાબરકાંઠા | 267 | 128 | 395 |
| 32 | સુરત | 75 | 136 | 211 |
| 33 | સુરેન્દ્રનગર | 50 | 173 | 223 |
| **Total** | | **4688** | **3638** | **8326** |

| ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓનો કાર્યક્રમ જૂન-૨૦૨૫ | | |
|---|---|---|
| અ.નં | વિગત | તારીખ |
| ૧. | ચૂંટણીની જાહેરાતની તારીખ | ૨૮/૦૫/૨૦૨૫ |
| ૨. | જાહેરનામા પ્રસિધ્ધ કરવાની તારીખ | ૦૨/૦૬/૨૦૨૫ |
| ૩. | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ | ૦૯/૦૬/૨૦૨૫ |
| ૪. | ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ | ૧૦/૦૬/૨૦૨૫ |
| ૫. | ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ | ૧૧/૦૬/૨૦૨૫ |
| ૬. | મતદાનની તારીખ તથા સમય | ૨૨/૦૬/૨૦૨૫<br>(રવિવાર)<br>સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી |
| ૭. | પુનઃમતદાનની તારીખ (જરૂરી જણાય તો) | ૨૪/૦૬/૨૦૨૫ |
| ૮. | મતગણતરીની તારીખ | ૨૫/૦૬/૨૦૨૫ |
| ૯. | ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તારીખ | ૨૭/૦૬/૨૦૨૫ |

તા.૨૮/૦૫/૨૦૨૫
સ્થળ:- ગાંધીનગર

(જી.સી.બ્રહ્મભટ્ટ)
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર